(મૂળ અંગ્રેજીનું ગુજરાતી ભાષાંતર -કોઈપણ તફાવતમાં મૂળ અંગ્રેજી જાહેરનામું આખરી રહેશે. ચોક્કસ સમજણ- અર્થઘટન માટે મૂળ અંગ્રેજી જાહેરનામને ધ્યાને લેવા સલાહ આપવામાં આવેછે)

**ફી અંગે જાહેરનામું**

ગુજરાત સરકાર ( GOG )

માર્ગ અને મકાન વિભાગ (આર એન્ડ બી ડી )

નવા સચિવાલય,ગાંધીનગર

**નં.જીમપી/ ટોલ- નોટિફિકેશન/ બી. એન. રોડ/૨૦૨૨**

**તા.૧૫/૦૨/૨૦૨૪**

આદેશ:

૧. ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ, ગાંધીનગર (અહીં હવે પછી જેનો ઉલ્લેખ " જીએસઆરડીસી" તરીકે કરવામાં આવે છે) દ્વારા ભુજ-નખત્રાણા રસ્તા ( પરિયોજના રસ્તો) ના કી.મી. ૫/૨૦૦ થી ૫૦/૦૦ એસ. એચ ૪૨ ના પ્રભાગને બી. ઓ. ટી ધોરણે કન્સેશનર એમ એસ ખુરાના ઇન્ફ્રાસ્ટ્રકચર એન્ડ ટોલ રોડ પ્રાઇવેટ લિ. મારફતે પહોળો તથા મજબૂત કરી વિકસીત કરવામાં આવ્યો છે અને પૈયોજન હવે જીએસઆરડીસી માં નિહિત છે.

૨. હવે, ગુજરાત સરકાર મંજૂર કરી, જાહેર કરી આદેશ કરે છે કે જીએસઆરડીસી અથવા તેમના દ્વારા અધિકૃત કરાયેલ એજન્ટ /કર્મચારીઓ અહી નીચે આપેલ ચાર્જની યાદીના ખાન નંબર -૨ માં જણાવેલ વાહનોની અને આવા વહાનોથી ખેચાતાં ટ્રેલર પાસેથી ખાના નંબર ૩ માં દર્શાવ્યા પ્રમાણેનો ચાર્જ નક્કી કરી વસૂલ કરશે, એકત્રિત કરશે પોતાની પાસે રાખી તેનો વિનિયોગ કરશે.

**વપરાશ ફી ની યાદી**

| ક્રમ | વાહનનો પ્રકાર | દર (તા. ૧૬/ ૦૨/૨૦૨૪ થી લાગુ થનાર દર) | | | રીમાર્કસ |
|---|---|---|---|---|---|
| | | ભુજ-દેશલપર અનુભાગ | દેશલપર – નખત્રાણા અનુભાગ | ભુજ-નખત્રાણા અનુભાગ | |
| ૧. | ૨. | ૩. | | | ગુજરાત સરકાર, માર્ગ અને મકાન વિભાગના પત્ર ક્રમાંક:મુ.મ.સ./૧૦/૨/ ૦૧૬/ટો.મુ./કેબીનેટ/૧૯/ ખા.ક તા. ૧૨/૮/૨૦૧૬ થી જણાવ્યા મુજબ ટોલ પ્લાઝા પરથી કાર/ જીપ/ વાન/ દ્વિચક્રીય/ ત્રિચક્રીય અને ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમની એસ.ટી. બસોને ટોલ ભરવામાંથી મુકિત આપવાની રહેશે. |
| ૧. | કાર | ૧૩ | ૧૩ | ૨૬ | |
| ૨. | હળવા વાણિજ્યક વાહનો | ૨૪ | ૨૬ | ૫૦ | |
| ૩. | બસ/ ટ્રક (સ્ટાન્ડર્ડ એકસલ ) | ૩૯ | ૬૫ | ૧૦૪ | |
| ૪. | ૨- એકસલ ટ્રક (ટેન્ડમ એકસલ) | ૬૫ | ૯૧ | ૧૫૬ | |
| ૫. | એમ એ વી | ૯૧ | ૧૧૭ | ૨૦૮ | |

આ ફી, પરિયોજના ધોરીમાર્ગનો ઉપયોગ કરતા અને ટોલ પ્લાઝામાં પ્રવેશતા અને પરિયોજના ધોરીમાર્ગ ઉપર પસાર થતાં વાહનો પર તા.૧૬/૦૨/૨૦૨૪ ના રોજ સવારે ૦૬.૦૦ કલાકની અસરથી લેવામાં આવશે.

૩. નીચે પ્રકારના વાહનો ટોલમાંથી બાકાત રહેશે અને " કન્સેશનરે" તેમને ટોલ ચાર્જ વિના સવલતોનો ઉપયોગ કરવા દેવાનો રહેશે.

વીઆઈપી-VIP –નું ચિહ્ન ધરાવતા વાહનો, જે સત્તાવાર, અધિકૃત રીતે ભારતના રાષ્ટ્રપતિ, ભારતના ઉપ-રાષ્ટ્રપતિ, ભારતના વડાપ્રધાન, રાજ્યના રાજ્યપાલ, સંઘપ્રદેશોના લેફ્ટનન્ટ ગવર્નરો, મુખ્યમંત્રીઓ, કેન્દ્ર અને રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ, કેન્દ્ર અને રાજ્યની ધારાસભા કે વિધાનસભાના પ્રમુખ અધિકારીઓ, લોકસભા, રાજ્યસભા અને રાજ્યોની વિધાનસભાના વિરોધપક્ષના નેતાઓ, ભારતની સર્વોચ્ચ અદાલત અને વડી અદાલતોના ન્યાયાધીશો, ભારત દેશની મુલાકાતે આવેલ વિદેશી ઉચ્ચ પદાધિકારીઓ, ભારતમાંના વિદેશી મિશનના વડાઓ કે જેઓ CD ચિહ્ન ધરાવતી ગાડી વાપરતા હોય, સંસદ સભ્યો, વિધાનસભાના સભ્યો, કેન્દ્ર અને રાજ્ય સરકારના વાહનો, ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમના અધિકારીઓ, સ્થળને લગતી-સ્થળ સંલગ્ન જવાબદારી અદા કરવા માટે આ પ્રાયોજના ધોરીમાર્ગનો જેમને ઉપયોગ કરવો પડતો હોય તેવી વ્યક્તિઓ, સ્વતંત્ર પરામર્શક અને સશસ્ત્ર દળો,અર્ધ-લશ્કરી દળો સહિત ગણવેશધારી કેન્દ્ર અને રાજ્ય સરકારના દળો, સંરક્ષણ વાહનો, પોલીસ વાહનો, પરમવીર ચક્ર, અશોક ચક્ર, મહાવીર ચક્ર, કીર્તી ચક્ર, વીર ચક્ર, શૌર્ય ચક્ર જેવા વીરતા એવોર્ડ મેળવનાર વિજેતાઓ સક્ષમ સત્તાધિકારી દ્વારા આ એવોર્ડ અધિકૃત કરતું ઓળખકાર્ડ રજૂ કર્યેથી, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના પ્રમુખ,અગ્નિશામક વાહન,એમ્બ્યુલન્સ અને કટોકટીની પરિસ્થિતિમાં રાહત કામગીરી કરતા વાહનો.

૪. નિર્દિષ્ટ ફી યોગ્ય રીતે ચુકવ્યા વિના પરિયોજના માર્ગનો ઉપયોગ કરવા માટે ઉપયોગ કતરાને નિયંત્રિત કરવાનો અથવા પ્રબંધિત કરવાનો કન્સેશનરને અધિકાર છે.

૫. જ્યારે કોઈક વાહન પરિયોજના ધોરીમાર્ગ એક કરતાં વધુ વખત વાપરવાનું હોય ત્યારે વપરાશકર્તા પોતાની પસંદગીથી એક વખતની ફી ના ૧.૫ ગણા જેટલી રકમની ચુકવણીથી તેમ કરવા માટે હક્કદાર રહેશે.
વપરાશ કર્તા, એક વખતની ચૂકવવા પાત્ર ફી ના ૩૦ ગણા જેટલી રકમની ચુકવણીથી માસિક પાસ મેળવવા હક્કદાર રહેશે અને તે માસિક પાસના સમયગાળા દરમિયાન પરિયોજના રસ્તાનો અવિરત ઉપયોગ કરવા હક્કદાર રહેશે.

૬. સ્થાનિક વાણિજયક વાહનો સ્થાનિક ખાનગી વાહનોએ લાગુ પડતી ફી ના ૫૦% જેટલી ફી ચૂકવવાની થશે.

૭. જીએસઆરડીસી દ્વારા નિયુક્ત કરવામાં આવેલ એજન્સી ટોલિંગ કોન્ટ્રાકટર કે તેના કર્મચારીઓ કે તેના પ્રતિનિધિ ફી વસૂલ કરવા અને તેની રસીદ આપવા અધિકૃત લેખાશે.
**સ્થાનિક વાણિજ્યક ટ્રાફીક** એટલે માલના અને પેસેન્જર (મુસાફરો)ના વાહન સાથે સંકળાયેલા હોય તેવા કોઈ પણ વાણિજ્યક વાહન કે જેમાં બસ, ટ્રક, હળવું મોટર વાહન અને ટેક્ષીનો પણ સમાવેશ ટશે અને જેઓ માટે પરિયોજના ધોરીમાર્ગનો અવાર નવાર ઉપયોગ કરવો જરૂરી હસહ અને આવા વાહનોના માલિકો ટોલ પ્લાઝાની ૨ કી મી ની હદમાં રહેતા હશે અને જીએસઆરડીસી દ્વારા નિયુક્ત અધિકારી દ્વારા પ્રમાણિત થયેલા હોઇ શકે.
**સ્થાનિક ખાનગી ટ્રાફીક** એટલે અને તેમાં સમાવેશ થનાર વાહનો એ એવા ખાનગી વાહનો છે કે જે જીએસઆરડીસી ની એજન્સી પાસે નોંધણી ધરાવતા હશે અને જે વ્યક્તિઓ સામાન્ય રીતે એ સ્થળે રહેતા હશે કે કામ કરતા હશે કે જે સ્થળે સામાન્ય રીતે આ પરિયોજના ધોરીમાર્ગનો ઉપયોગ કરીને જ પહોંચી શકે અને આવા વાહનોનો ઉપયોગ દરરોજની મુસાફરી માટે જરૂરી થઇ રહે અને જીએસઆરડીસીદ્વારા નિયુક્ત અધિકારી દ્વારા પ્રમાણિત થયેલા હોઈ શકે.

ગુજરાત રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(સહી)
( આર. વી. પટેલ)
ખાસ ફરજ પરના અધિકારી
માર્ગ અને મકાન વિભાગ
ગુજરાત સરકાર

**નકલ રવાના :**

1. ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લિમિટેડ
2. કલેકટર કચ્છ જિલ્લો
3. જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, કચ્છ જિલ્લો
4. કાર્યપાલક ઇજનેરશ્રી, મા . મ. વિભાગ ભુજ – કચ્છ.
5. મે. મેક્સલીક.